ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થતાં ખ્રિસ્તી સામયિકોમાં નં. ૧ સામયિક...

ગુજરાતી ક્રિશ્ચિયન્સ

આપણી સામાજિક નિકટતાનો સેતુ

www.gujaratichristians.com

વર્ષઃ૧૩ અંકઃ૨ સળંગ અંકઃ૧૪૬ ફેબ્રુઆરી ૨૦૧૯

તંત્રીઃ જોસેફ બેન્જામીન
PGDPP (Print & Publish)
MBA (Systems) (Marketing)

સંપર્ક : કાર્યાલય : ૦૭૯-૨૨૧૬૨૪૪૧
પ્રેસ : ૦૭૯-૨૨૯૩૨૪૪૧

પ્રકાશકઃ
જોસેફ બેન્જામીન
પ્રકાશન સ્થળ/કાર્યાલયઃ
એ/૪, બેથલેહેમ ફ્લેટ્સ, પટેલવાડી, ખોખરા સ્વિમિંગ પુલ સામે, મણિનગર (પૂર્વ), અમદાવાદ - ૩૮૦ ૦૦૮.

વાર્ષિક લવાજમઃ
ભારતમાં: રૂા. ૧૨૦ છૂટક નકલ : રૂા. ૧૦
વિદેશમાં: રૂા. ૧૬૦૦ US $ 35
ચેક/ડ્રાફ્ટ : JENSON MEDIA CORPORATION ના નામે લખો.

E-mail:
advtgc@gmail.com

Gujarati Christians (Gujarati Monthly -1st of every month)
Owned, Printed and Published by Joseph Emmanuel Benjamin and Printed by him at Madhvi Offset Pvt. Ltd., B-20/21, Mohan Estate, Opp. Anupam Cinema, Khokhra, Ahmedabad-380 008 Published by him from A/4 Bethlehem Flats, Patelwadi, Maninagar(E), Ahmedabad-380 008 Editor : Joseph Emmanuel Benjamin.
*Annual Subscription :* Rs.120/-
*Retail selling price:* Rs. 10/-

जोसेफ ईमानुएल बेन्जामीन द्वारा माधवी ओफसेट प्रा.ली., बी २०-२१ मोहन एस्टेट, अनुपम सिनेमाके सामने, खोखरा, अहमदाबाद में मुद्रित एवं ए/४, बेथलेहेम फ्लेटस् पटेलवाडी, मणिनगर पूर्व, अहमदाबाद से प्रकाशित. संपादक : जोसेफ ईमानुएल बेन्जामीन.

***માલિક, મુદ્રક અને પ્રકાશક જોસેફ ઈમાનુએલ બેન્જામીન દ્વારા માધવી ઓફસેટ પ્રા.લી., બી-૨૦/૨૧, મોહન એસ્ટેટ, અનુપમ સિનેમાની સામે, ખોખરા, અમદાવાદમાં મુદ્રિત અને એ/૪, બેથલેહેમ ફ્લેટ્સ, પટેલવાડી, મણિનગર (પૂર્વ), અમદાવાદથી પ્રકાશિત. તંત્રીઃ જોસેફ ઈમાનુએલ બેન્જામીન.***


# સામયિકના મુખેથી...

જો કે હું માણસોની તથા દૂતોની પણ ભાષાઓ બોલું, પણ મારામાં પ્રેમ ન હોય, તો રણકારો કરનાર પિત્તળ કે ઝમકાર કરનાર ઝાંઝના જેવો હું થયો છું. જો કે મને પ્રબોધ કરવાનું દાન હોય, અને હું સર્વ મર્મો તથા સર્વ વિદ્યા જાણતો હોઉં, અને જો હું પર્વતોને પણ ખસેડી શકું એવો મને પૂરો વિશ્વાસ હોય, પણ મારામાં પ્રેમ ન હોય તો હું કંઈ નથી. જો કે હું [દરિદ્રીઓનું] પોષણ કરવા માટે, મારી સર્વ સંપત્તિ આપી દઉં, અને જો હું મારું શરીર અગ્નિને સોપું, પણ મારામાં પ્રેમ ન હોય, તો મને કશો લાભ નથી.

પ્રેમ સહનશીલ તથા પરોપકારી છે. પ્રેમ અદેખાઈ કરતો નથી, પ્રેમ આપવડાઈ કરતો નથી, ફુલાઈ જતો નથી, અયોગ્ય રીતે વર્તતો નથી, પોતાનું જ [હિત] જોતો નથી, ખીજવાતો નથી, અપકારને લેખવતો નથી; અન્યાયમાં હરખાતો નથી, પણ સત્યમાં હરખાય છે. બધું ખમે છે, બધું ખરું માને છે, બધાની આશા રાખે છે, બધું સહન કરે છે.

પ્રેમ કદી ખૂટતો નથી. પણ ભવિષ્ય [ભાખવાનું] દાન હોય તો તે લોપ થશે; ભાષાઓ હોય, તો તેઓનો અંત આવશે; વિદ્યા હોય તો તે જતી રહેશે.



# અનુક્રમ ફેબ્રુઆરી ૨૦૧૯


શ્રેણી નિરાકરણ : શેતાનની સાથે પતન પામેલા દુષ્ટાત્માઓ ... ૧૪

ઈમુભાઈની બોધકથાઓ : એક રાજાના મોંઘાં જાદુઈ વસ્ત્રો ૧૬


## વિવિધ


આશીર્વાદ અને શાપ..............જયંતિ ક્રિશ્ચિયન ..........................૧૨
પ્રેમ ..............................હેઈઝલ પીનાકીન ..........................૨૦
વેલેન્ટાઈન દિને બે.................ડૉ. સુરેન્દ્ર આસ્થાવાદી......................૨૨
સેવાકાર્યમાં એકાગ્રતા .............રેવ. ડૉ. ચંદ્રકાન્ત પથિક .......................૨૪
પુચ્છ નહિ પણ .....................બ્રધર શેમ્યુલ ક્રિશ્ચિયન......................૩૯
શું તમે ખ્રિસ્તી છો?.................ક્રિસ્ટોફર અમીન ..........................૪૪
પ્રભુ ઈસુનો અચળ પ્રેમ............જયપ્રકાશ રૉય.............................૪૬
નવા વર્ષનો આનંદ.................વિલ્યમભાઈ ચૌહાણ.........................૪૭
પ્રભુ અમને સારી ભોંય ............માત્થીઅસ ક્રિશ્ચિયન ........................૪૯
શું તમે આત્મિક જીવનમાં .........રેચેલ નેલ્સન ડાભી..........................૫૧


## ઉપરાંત


સામયિકના મુખેથી..........................................................૩
તંત્રીની કલમે ..............................................................૫
પ્રતિભાવ ...................................................................૮
કાવ્યોત્સવ.................................................................૧૦
ઘરસંગત બાઈબલ અભ્યાસ ....... ........................................૧૧
શાંત સમયે.................................................................૧૫
શબ્દગૂંચ...................................................................૫૨


તો ખરું જ...

# તંત્રીની કલમે

***ખ્રિસ્તમાં વહાલાં મિત્રો,***

પ્રેમી સલામ! પ્રેમ વિષે જગતમાં પ્રાચીન તથા અર્વાચીન બંને કાળમાં લખવામાં આવેલું વિપુલ સાહિત્ય આપણી પાસે ઉપલબ્ધ છે. ભારતની સંસ્કૃત ભાષા સહિત જગતની તમામ ભાષાઓમાં તેના કવિઓ - લેખકો અને સંગીતકારોએ રોમેન્ટિક પ્રેમના ભવ્ય સ્વરૂપોને ગીત-સંગીતમાં ઢાળ્યાં છે અને પ્રેમનો મહિમા ગાયો છે. આમ છતાં, પ્રેરિત પાઉલે પવિત્ર બાઈબલના નવા કરારના કરિંથીઓના પહેલા પત્રના તેરમા અધ્યાયમાં પ્રેમની જે પરિભાષા આપી છે, તેની તોલે જગતનું કોઈ સાહિત્ય આવી શકે તેમ નથી. પ્રકાશનું કિરણ જ્યારે પ્રિઝમમાંથી પસાર થાય ત્યારે બીજી બાજુ મેઘધનુષી રંગોમાં તેનું વિભાજન થાય છે. એ જ પ્રમાણે ઈશ્વરજ્ઞાની પ્રેરિત પાઉલના હૃદયમાંથી પ્રેમે પસાર થઈને પોતાના વિવિધ પાસાઓને આ અધ્યાયમાં ઉજાગર કર્યાં છે (કલમ ૪-૮). પાઉલે પ્રેમની અલગ-અલગ પંદર લાક્ષણિકતાઓ અહીં વર્ણવી છે. પાઉલમાં પ્રેમની આટલી તલસ્પર્શી અને પરિપક્વ સમજની શરૂઆત પ્રથમ શહીદ સંત સ્તેફને મૃત્યુ અગાઉ ઉચ્ચારેલાં વચનોથી થઈ હતી. પોતાને પથ્થર મારનાર ટોળાંની ચિંતા કરી સ્તેફને મોટો ઘાંટો પાડીને કહ્યું કે, “ઓ પ્રભુ, આ દોષ તેઓને માથે ન મૂક” (પ્રે. કૃ. ૭: ૬૦). આ સમયે યુવાન પાઉલ જે ત્યારે શાઉલના નામથી ઓળખાતો હતો તે ત્યાં ઊભો હતો. સાક્ષીઓએ શાઉલના પગ આગળ પોતાનાં વસ્ત્રો મૂક્યાં હતાં. (પ્રે.કૃ.૭:૫૮)

વેલેન્ટાઈન્સ ડે ને કારણે, જ્યારે ફેબ્રુઆરી એ પ્રેમનો મહિમા ગાવાનો મહિનો બની ગયો છે ત્યારે, પાઉલે કરેલી પ્રેમની પરિભાષાની થોડી છણાવટ કરીએ. પ્રેરિત પાઉલે ભલે આ પત્ર કરિંથની મંડળીને ઉદ્દેશીને લખ્યો હોય પણ તેનો સંદેશ ગુજરાતની ખ્રિસ્તી મંડળીને પણ સાંપ્રત સમયમાં એટલો જ લાગુ પડે છે. અગાઉ કદીયે ન પડી હોય એટલી જરૂર આજે આપણ સૌને આ સંદેશાની અને આ શિક્ષણની છે. આદર્શ ખ્રિસ્તી જીવનમાં પ્રેમની શું ભૂમિકા છે તે આ અધ્યાયમાંથી આપણે જાણી શકીએ છીએ.



પ્રેમ વિનાની સેવાનો અને ખ્રિસ્તી જીવનનો કોઈ જ મતલબ કે મૂલ્ય નથી. વ્યક્તિ ગમે તેટલી આત્મિક હોય, પ્રબોધવાણીઓ કરનાર અને પરાક્રમી સંદેશાઓ આપનાર હોય, પોતાનું સર્વસ્વ ગરીબો ઉપર ન્યોછાવર કરી દેનાર હોય તો પણ જો તેનામાં પ્રેમ ન હોય તો તે કંઈ જ નથી, ઝીરો છે! (ક.૧-૩)

પ્રેમ સહનશીલ (Patient) તથા પરોપકારી (KJV પ્રમાણે Charity) છે. સહનશીલ એટલે જલદી ગુસ્સે ન થાય તેવું અથવા જેને જલદી ખોટું ન લાગી જાય તેવું. જો બે વ્યક્તિ વચ્ચે પરસ્પર પ્રેમ હોય તો એકબીજાની નાની-નાની વાતો તેઓ સહજતાથી દરગુજર કે નજરઅંદાજ કરી શકે છે. નાની-નાની વાતોને ‘ઈશ્યૂ’ બનવા દેતાં નથી. પ્રિયજન એકની એક ભૂલ વારંવાર કરે તોપણ તેઓ ઉશ્કેરાઈ જતાં નથી કે ‘I hate you’ કહેતા નથી. તમારામાં આટલી બધી ધીરજ કેવળ પ્રેમ જ ઉત્પન્ન કરી શકે. તમે એકબીજાને દોષ દેતાં નથી અને હંમેશાં પ્રેમીજનનું ભલું જ ઈચ્છો છો અને પરોપકારી વલણ ધરાવો છો. પરોપકારી હોવું એટલે અન્યો ઉપર કરુણા ધરાવવી, કૃપાળુ હોવું અને અન્યોને ઉપયોગી બનવું. જેનામાં પ્રેમ હોય તેની વર્તણૂક નમ્ર હોય છે. સામેવાળાની જરૂરિયાતનો તેને તરત જ ખ્યાલ આવી જાય છે. તેમને મદદરૂપ થવા તે હંમેશાં પ્રયત્નશીલ રહે છે. આવી વ્યક્તિ પોતાનું ભૂંડું કરનારનું પણ ભલું કરવાની ઈચ્છા ધરાવે છે. સંત ઑગસ્ટીને લખેલું કે, “પ્રેમ કેવો દેખાય છે? અન્યોને મદદ કરવા માટે તેની પાસે હાથ છે. ગરીબ અને જરૂરિયાતમંદો પાસે દોડી જવા માટે એની પાસે પગ છે. અન્યની જરૂરિયાતો જોવા માટે તેને આંખો છે. મનુષ્યોના દુ:ખ અને નિસાસા સાંભળવા માટે તેની પાસે કાન છે. પ્રેમ આવો દેખાય છે.”

પ્રેમમાં અદેખાઈને કોઈ જ સ્થાન નથી. અદેખાઈ બે પ્રકારની હોય છે. એક એ કે અન્ય પાસે જે હોય તે મેળવવાની ઈચ્છા. જો સગા, સ્નેહી, પડોશી કે મિત્ર પાસે સારી કાર, ઘર, નોકરી કે પછી સારી પત્ની અથવા પતિ હોય તો મારી પાસે પણ એ હોવું જ જોઈએ તેવી છૂપી ઈચ્છા રાખવી એ એક પ્રકારની અદેખાઈ છે. વળી, આ બાબતો સામેની વ્યક્તિ પાસે હોવી જ ન જોઈએ એવી ભાવના મનમાં ઉત્પન્ન થવી તે બીજી પ્રકારની અદેખાઈ

છે. સ્વાર્થીપણા કરતા પણ ભૂંડી એવી આ લાગણી છે. અન્યને નુકસાન થાય, સારી કાર હોય તો અકસ્માત થઈ જાય, નોકરી હોય તો છૂટી જાય, તેની ઉપર અનેક મુશ્કેલીઓ આવી પડે, પાયમાલ થઈ જાય, વગેરે વગેરે ભૂંડી ઈચ્છાઓ અદેખાઈ કરનારના મનમાં જાગે છે. પોતાની પાસે જે છે તેનાથી જ સંતોષ પામવો જોઈએ નહીં તો અદેખાઈ તમને કોરી ખાઈને ખોખલાં બનાવી દેશે. "પણ જો તમારા મનમાં કડવી અદેખાઈ તથા ચરસાચરસી છે, તો તમે સત્યની વિરુદ્ધ [થઈને] ગર્વ ન કરો અને જૂઠું ન બોલો. એ જ્ઞાન ઉપરથી ઊતરે એવું નથી; પણ તે ઐહિક, વિષયી તથા શેતાની છે. કેમ કે જ્યાં અદેખાઈ તથા ચરસાચરસી છે ત્યાં ધાંધળ તથા દરેક દુષ્કર્મ છે." (યાકૂબ ૩:૧૪-૧૬)

અદેખાઈ એ ભયંકર અનિષ્ટ છે અને આપણા સમાજમાં અતિ વ્યાપક છે જે મને કમને પણ સ્વીકારવું જ રહ્યું. અદેખાઈનું એકમાત્ર મારણ પ્રેમ છે. જ્યાં પ્રેમ છે ત્યાં અદેખાઈ નથી. અન્યો પ્રત્યે નફરત નથી.

પાઉલે પ્રેમનાં જે કુલ આઠ નકારાત્મક પાસાઓ ઉપર પ્રકાશ પાડ્યો છે તેમાં અદેખાઈ બાદ બીજો નંબર આપવડાઈનો આવે છે. આપવડાઈ એટલે પોતાની પાસે જે છે તેનો દેખાડો કરવો અને તે દ્વારા અન્યોમાં અદેખાઈની ભાવના જગાડવી. અન્યોને 'ઈમ્પ્રેસ' કરી દેવા, અંગત સ્વાર્થ માટે પોતે હોય તેના કરતાં કંઈ કેટલાયે ગણા 'મોટાં' દેખાવા હંમેશાં પ્રયત્નશીલ રહેવું, દેખાડો કરી લોકોને આંજી દેવા, શો-બાજી અને દંભમાંથી ઊંચા જ ન આવવું. આ તમામ આપવડાઈની બાબતોને પ્રેમ નામની લાગણીમાં કોઈ જ સ્થાન નથી.

કોઈના માટે કંઈક કર્યું હોય તે વારંવાર તે વ્યક્તિને અને અન્યોને કહી બતાવવું તેને પણ આપવડાઈ કહેવાય. "અરે ભાઈ, સામી વ્યક્તિ જાણે જ છે અને તમારા હરહંમેશના ઋણી છે કે તમે તેના મુશ્કેલીના સમયે કંઈક મદદ કરી હતી! તોયે શા માટે વારંવાર તમે એમના માટે કરેલા 'બલિદાન' વિષે ગા-ગા કરો છો? જો તમને ખરેખર એ વ્યક્તિ પર પ્રેમ હશે તો તેને વારંવાર તમારા 'ઉપકાર'ની જાણકારી આપવાની કે તે યાદ કરાવવાની લેશમાત્ર ઈચ્છા તમને થશે જ નહીં! પ્રેમ હશે તો તમે 'ફૂલાઈ' જવાથી બચી જશો."

ફૂલાઈ જવું એટલે ઘમંડી બનવું. હંમેશા ઊંચાને ઊંચા જ ચાલવું. પોતાનું મહત્ત્વ સાબિત કરવા અને પ્રભાવ પાડવા સતત પ્રયત્નશીલ રહેવું. સ્વકેન્દ્રી બનવું. પ્રેમ ન હોય તો જ માણસ ઘમંડ કરે છે.

દૈહિક વાનાં અને સમૃદ્ધિનું તો સમજ્યા પણ અમુક લોકો આત્મિકતાનો પણ ફરોશીઓની માફક દેખાડો કરે છે. મંડળીમાં અને અન્ય સંગતોમાં તમને આવા અનેક લોકો મળી આવશે. પોતે જ આત્મિક અને અન્ય બધા 'ઠીક મારા ભાઈ' એવી ગુરુતાગ્રંથિથી આવા લોક જિંદગીભર પીડાતાં હોય છે! એના મૂળમાં પણ અન્યો પ્રત્યે પ્રેમનો અભાવ જ.

પ્રેમાળ વ્યક્તિ કદીયે અયોગ્ય રીતે વર્તતી નથી. અન્યોનું માન જાળવે છે. શરમજનક વ્યવહાર કરતી નથી. લોકોને માઠું લાગી જાય તેવું કોઈ કૃત્ય પ્રેમાળ વ્યક્તિ કદીયે કરતી નથી.

પ્રેમમાં પોતાનુ હિત જોવાતું નથી. સ્વાર્થવૃત્તિ હોતી નથી. અન્યોની જરૂરિયાત પ્રત્યેની સભાનતા એ પ્રેમનું એક ખાસ લક્ષણ છે.

પ્રીતિ ખીજવાતી નથી. જો તમારામાં પ્રેમ હશે તો તમે સામેવાળાને ગુસ્સો આવે તેવું બોલશો નહીં. તમે ખુદ પણ કદીયે ગુસ્સો કરતા જોવા મળશો નહીં. વાતે વાતે માઠું લાગે તેવી અતિશય સંવેદનશીલતા તમારામાં નહીં હોય. તમે નિર્મળ, શાંત અને ઠરેલ વ્યક્તિત્વના સ્વામી બનશો.

પ્રીતિ કદી અપકારને લેખવતી નથી - મતલબ કે કોઈ તમારું ગમે તેટલું ખોટું ઈચ્છે અને કરે તો પણ તમે તેને લેખે લેતાં નથી. લેખે લેવું એટલે હિસાબ-કિતાબની ભાષામાં ચોપડામાં નોંધ રાખવી. અમુક લોકો જો કોઈએ તેમનું ભૂંડું કર્યું હોય તો જીવનભર તેને યાદ રાખે છે. મંડળીના આગેવાનો અને સેવકો સુધ્ધાં તેમને કોઈ વાતે અડચણ ઊભી થઈ હોય તો તેને માટે જવાબદાર વ્યક્તિને પોતે નિવૃત્ત થઈ જાય તોયે માફ કરતાં નથી અને હંમેશા યાદ રાખે છે! જો તમારામાં ખરેખર પ્રેમ હશે તો તમે 'Forgive and Forget'ની નીતિથી જ જીવશો!

પ્રીતી અન્યાયમાં હરખાતી નથી પણ સત્યમાં હરખાય છે. આનો અર્થ એવો થાય કે પોતાને સારો કે સારી દેખાડવા માટે અન્યો કે જેઓ ખોટું કરે છે તેની સાથે પોતાની સરખામણી કરવી. અન્યોના પાપ અને ઊણપો સામે આંગળી ચીંધીને પોતાની નબળાઈ ઢાંકવી.

"બધાં આવું (અન્યાયી) કરે છે" એમ કહી પોતે પણ એમાં સામેલ થઈ જવાને બદલે એ અન્યાયી કૃત્યો પ્રત્યે પ્રેમાળ વ્યક્તિને દુઃખ જન્મે છે. પ્રેમમાં વ્યક્તિ હંમેશાં ન્યાય અને સત્યનો જ સાથ આપે છે અને તેમાં જ આનંદ પામે છે અને હરખાય છે. સત્યની સાથે હંમેશાં આવા પ્રેમાળ લોકો ઊભા રહે છે.


પ્રેમમાં ગજબની શક્તિ છે. તે સઘળું ખમે છે. દુઃખ, હતાશા, ક્રૂરતા, અન્યાય એ બધું પ્રેમીજનો ખમી લે છે. અન્યો ઉપર તેઓ એટલો બધો વિશ્વાસ રાખે છે કે તેમનું કહેલું સઘળું ખરું માને છે. પ્રેમ હંમેશાં સિક્કાની બીજી બાજુ એટલે કે ઊજળી બાજુ જુએ છે અને તેથી હંમેશા "સૌ સારાં વાનાં થશે" એવી આશા રાખે છે. પ્રેમીજનો નિરાશ થતાં નથી. સઘળું સહન કર્યે જાય છે.

પ્રેમનો કદી અંત નથી. પ્રીતિ કદી ખૂટતી નથી. Love never fails. પ્રેમ અનંતકાળિક છે. કારણ કે ઈશ્વર પ્રેમ છે. ઈશ્વર છે ત્યાં સુધી પ્રેમ છે એટલે કે પ્રેમ અમર છે.

વ્હાલા મિત્રો, પ્રેમ ખ્રિસ્તી ધર્મ અને ખ્રિસ્તી જીવનની બુનિયાદ છે. ખ્રિસ્ત ઈસુ ખુદ પ્રેમ છે. આમ છતાં મોટાભાગના ખ્રિસ્તી લોકોમાં, ખ્રિસ્તી કુટુંબોમાં અને મંડળીઓમાં જો કંઈક ખૂટતું હોય તો તે પ્રેમ જ છે. પ્રેમ નહીં હોવાને કારણે જ ખ્રિસ્તી કુટુંબો તૂટે છે. મંડળીઓ નિર્જીવ બને છે. ખ્રિસ્તી પડોશીઓ વચ્ચે અને સમાજમાં મહદઅંશે વેર-ઝેર, કડવાશ, ઈર્ષ્યા, અદેખાઈનો માહોલ જોવા મળે છે. વ્યક્તિગત અને કૌટુંબિક સંબંધોમાં તો સમજ્યા પણ પ્રેમ અને ભાઈચારાના અભાવને કારણે મંડળી-મંડળી વચ્ચેની કટુતાથી કોર્ટ-કચેરીઓના પગથિયાં ઘસાઈ ગયાં છે. આ એક કરુણ વાસ્તવિકતા છે. મંડળીની આંતરિક વ્યવસ્થાઓ વૈમનસ્ય, હુંસાતુંસી અને ઝઘડાઓનો સ્રોત બનતી ચાલી છે. કાવા-દાવા, કપટ, ખેંચાખેંચીના ખેલથી ઈશ્વરની કન્યાની ગરિમા હણાય છે. મંડળી એ ખ્રિસ્તનું શરીર છે, તેની કન્યા છે તે વાત જાણે કોઈ જાણતું જ ન હોય તે રીતે મંડળીઓને સમરાંગણમાં ફેરવી દેવાય છે. આ અતિશય દુઃખદ છે. ખ્રિસ્તી નવયુવાનો અને નવા શોધકો માટે આ કલુષિતતાઓ ઠોકરરૂપ બને છે. યુવાવર્ગ ખ્રિસ્તને તો ચાહે છે પણ તેની મંડળીને તેમાં ચાલતા અનેક ડખાઓને કારણે પરાણે પણ ચાહી શકતો નથી. ફક્ત રવિવારે બે કલાક ચર્ચમાં જઈને હાજરી આપવી તેના કરતાં જીવનભર હરેક પળે હૃદયમાં ખ્રિસ્તને રાખવા એ સારું છે એમ માનવા યુવાનો પ્રેરાય છે અને ચર્ચમાં જવાનું ટાળે છે.

પ્રભુ ઈસુ આપણાં આદર્શ છે. તેઓ પ્રેમનું સર્વોચ્ચ ઉદાહરણ છે. પાઉલ જેવા સેવકનું પ્રેમનું ઉત્તમ શિક્ષણ આપણી સામે છે. તો શું આપણે પ્રેમાળ ન બની શકીએ? ગુજરાતની ખ્રિસ્તી મંડળીના એકેએક સભ્યના હૃદયમાં પાઉલે વર્ણવેલો પ્રેમ વસતો હશે તો સમગ્ર સમાજમાં પરિવર્તનનો પવન ફૂંકાશે. ઈસુની કન્યાનું સૌંદર્ય અપ્રતિમ બનશે. આજે આ બાબતે તમે શું કહો છો? શું વિચારો છો? લખી જણાવજો.

આભાર સહ,




## આ સામયિક 'ગુજરાતી ક્રિશ્ચિયન્સ'માં કોઈપણ લેઈટ ફી વગર દર મહિનાની ૨૦મી તારીખ સુધી જાહેરાતો સ્વીકારવામાં આવે છે.



**કાનૂની સ્પષ્ટતા -** Legal Disclaimer - Gujarati Christians Monthly - ગુજરાતી ક્રિશ્ચિયન્સ સામયિકમાં પ્રગટ થતાં લેખો, વિભાગો, કાવ્યો, વાર્તાઓ, સમાચારો, પ્રતિભાવો, જાહેરાતો વગેરે સાથે તંત્રી, પ્રકાશક, મુદ્રક સંમત છે જ તેમ માનવું નહીં. લેખન અંગેની તમામ જવાબદારી જે તે લેખકની રહેશે. જાહેરાત અંગેની તમામ જવાબદારી જાહેરાત આપનારની રહેશે. કોઈપણ સંજોગોમાં આ સામયિકમાં લખાતાં - છપાતાં લખાણ માટે તંત્રી, પ્રકાશક કે મુદ્રકને જવાબદાર ઠેરવી શકાશે નહીં. જાહેરાત આપનારની સાથે વાચકોએ પોતાની વિવેકબુદ્ધિથી અને પોતાના જોખમે વ્યવહાર કરવો.

આ સામયિકની ડિઝાઈન, ગોઠવણ, શૈલી, ચિત્રો વગેરેનું કોઈપણ રીતે અનુકરણ કરી શકાશે નહીં. પ્રકાશકની લેખિત અનુમતિ વગર કોઈપણ કૃતિનો ઉપયોગ કરવો નહીં. જે કોઈ આમ કરવામાં કસૂરવાર ઠરશે તે કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે. ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે.